====================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

====================================================

**ફો. પ. અ. નં.૨૬૭/૨૦૨૬**
**આંક–૧૮**

**ફારૂકભાઈ ઉર્ફે ફારૂક મોલાના (એફ.એમ.)**
**ઈસ્માઈલભાઈ નાખવા પટણી,**
ઉ.વ.આ.૬૦, ધંધો : ટ્રાન્સપોર્ટેશન,
રહે. વેરાવળ, સોમનાથ ટોકીઝ વિસ્તાર,
હુસેની ચોકની બાજુમા, વેરાવળ,
તા. વેરાવળ, જી.ગીર–સોમનાથ. **...... અરજદાર**

**વિરૂધ્ધ**

**શ્રી સરકાર** **...... સામાવાળા**

---

અરજદાર તરફે વિ.વ.શ્રી એસ.એન.સવાણી
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી.વાળા

---

**॥ વિશેષ હુકમ ॥**

**૧.** હાલના કામે અરજદાર/આરોપી દ્વારા હાલની અરજી બી.એન.એસ.ની કલમ–૪૮૩ અન્વયે દિન–૧૫ ના વચગાળાના જામીન મેળવવા માટે કરેલ. જેમાં આંક–૧૨ થી આરોપીની જામીન અરજી નામંજુર કરી ડોકટરશ્રી રાજેશ સાંગાણીને નોટીસ કરવા હુકમ કરવામાં આવેલ. જે અન્વયે ડોકટરશ્રી રાજેશ સાંગાણીને પોતાનો લેખિત તેમજ મૌખિક ખુલાસો રજુ કરવા આંક–૧૩ વાળી નોટીસ આપી તક આપતા તેઓ પોતાના વકિલશ્રી સાથે હાજર થયેલ છે અને આંક–૧૫ થી પોતાનો લેખિત ખુલાસો રજુ કરેલ છે તેમજ આંક–૧૬ થી દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે. તેમજ આંક–૧૭ થી મુળ ફરિયાદી તરફે લેખિત રજુઆત થયેલ છે જે વંચાણે લીધા તથા પક્ષકારોના વિ.વ.શ્રીને સાંભળ્યા. ડોકટરશ્રી રાજેશ સાંગાણીના વિ.વ.શ્રી એ.આઇ.સુમરાની દલીલ છે કે, અમોએ જવાબ રજુ કરેલ છે જે મુજબની અમારી દલીલ ગણી લેવા વિનંતી છે. અમોએ ખોટુ સર્ટીફિકેટ આપેલ નથી પરંતુ સંભાવનાને આધારે સર્ટીફિકેટ આપેલ છે તેમના કુટુંબના સભ્યોના જણાવ્યા મુજબ હિસ્ટ્રી જોઇને આરોપીના કુટુંબના સભ્યો અને વકિલશ્રી આવતા સર્ટીફિકેટ ઇસ્યુ કરેલ છે જેથી નોટીસ માંડવાળ કરવા વિનંતી છે.

૨. ફરિયાદપક્ષે વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની રજુઆત છે કે, અમારે ડોકટરશ્રી સામે કશુ કહેવુ નથી. તેમજ મુળ ફરિયાદી સાહેદ તરફે વિ.વ.શ્રી સી.એન. કકકડની દલીલ છે કે, અમારી આંક–૧૭ ના જવાબ મુજબની રજુઆત છે.

3. ડોકટરશ્રીના વિ.વ.શ્રી એ.આઇ.સુમરાની દલીલ, વિ. પબ્લીક પ્રોસીકયુટરશ્રી કે.ડી.વાળાની દલીલ તેમજ આંક–૧૭ થી મુળ ફરિયાદી તરફે રજુ થયેલ રજુઆત ધ્યાને લેતા, આંક–૧૫ થી ડોકટરશ્રીએ નોટીસનો જે જવાબ રજુ કરેલ છે તે મુજબ અરજદાર/આરોપી ફારૂકભાઇ ઉર્ફે ફારૂક મૌલાનાને તેઓ ડાયાબીટીશ, હાઇબ્લડ પ્રેશર, હાર્ટ એટેક, પેરાલીસીસ અને કીડનીની બીમારીની સારવાર વર્ષોથી આપતા હતા અને સારવાર ચાલુ છે. (૧) તેને તા.૨૨.૦૭.૨૦૨૨ ના રોજ તેણે હાર્ટએટેક આવેલ તે સમયે તેઓને એન્જીયોગ્રાફી માટે રાજકોટ રીફર કરેલા હતા અને તે મુજબ તેમના રીપોર્ટમાં હૃદય ૪૦% પમ્પીંગ કરે છે અને જમણી બાજુના હૃદયની મુખ્ય નળી ૯૯% બ્લોક હતી તેવો રીપોર્ટ આવેલ. આ રીપોર્ટ આવ્યા બાદ શું સારવાર આપેલી કે, આરોપી/અરજદારે કયાં સુધી સારવાર લીધેલી અને એન્જીયોગ્રાફીના રીપોર્ટ મુજબ હૃદયની મુખ્ય નળી ૯૯% બ્લોક હતી તો ત્યારબાદ સારવાર આપી કેટલી સ્વસ્થતા પ્રાપ્ત કરેલ તે અંગેની કોઇ હકીકત ડોકટરશ્રીએ જવાબમાં જણાવેલ નથી અને જયારે તેઓએ વર્ષથી આરોપી/અરજદારને નિયમીત સારવાર આપતા હોય અને તેની ભુતકાળની બીમારીની સારવારની ફાઇલ જોઇને હાલના કેસમાં સર્ટીફિકેટ રજુ કરેલ હોય ત્યારે તેના જવાબના પેરા–૨ માં જણાવ્યા મુજબનો એન્જીયોગ્રાફીનો રીપોર્ટ કર્યા બાદ શું સારવાર આપવામાં આવેલ કેટલા અંશે તબિયતમાં સુધારો થયેલ? તે અંગેની કોઇ હકીકત જણાવેલ નથી જેથી ઉપરોકત હકીકત તેઓએ ઈરાદાપુર્વક છુપાવતા હોય તેમ જણાય છે કારણ કે, તેઓએ જુલાઇ–૨૦૨૨ ની બીમારીની ઉપરોકત વિગત પેરા–૨ માં જણાવેલ છે. ત્યારબાદ પેરા–૩ માં તા.૨૭.૦૯.૨૦૨૫ ના રોજ અરજદાર/આરોપીનો સીટીસ્કેન કરાવતા મગજની નસ બ્લોક આવેલ અને આઇ.સી.યુ. માં દાખલ કરી સારવાર આપેલ હતી તેના ડોકયુમેન્ટ પોતાના જવાબ સાથે રજુ કરેલ છે. રીપોર્ટ–૨ રજુ કરેલ

છે. ત્યારબાદ તેને ઝાયડસ હોસ્પીટલમાં ઓપીનીયન માટે મોકલેલ અને તે ઓપીનીયન (ડોકયુમેન્ટ–૫, રીપોર્ટ–૬) રજુ કરેલ છે જે જણાવે છે કે, આ દર્દીને ડાયાબીટીશ, હાઇ બ્લડ પ્રેશર, પેરાલીસીસ, એટેકની બીમારી છે. આમ, તેના હેલ્થ રીલેટેડ તમામ ઇ રીવેર્સીબલ રોગ વિશે હું જાણતો હતો એટલે હિસ્ટ્રીને ધ્યાનમાં રાખીને ઓપીનીયન સર્ટીફિકેટ આપેલ છે જેના માટે દર્દીની હાજરીની આવશ્યકતા ન હતી તે જેલમાં છે તેની મને જાણ હતી. તા.૨૭.૦૯.૨૦૨૫ ના રોજ અરજદાર/આરોપીને પેરાલીસીસનો એટલે આવેલ હતો અને તે વખતે કરાવેલ સીટીસ્કેનમાં મગજની નસ બ્લોક આવેલ હતી તે અંગેનો રીપોર્ટ (ડોકયુમેન્ટ–૩) થી જવાબ સાથે રજુ કરેલ છે જે જોતા આ રીપોર્ટ તા.૨૭.૦૯.૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે. આ રીપોર્ટ આવ્યા બાદ તેઓની શું સારવાર કરવામાં આવેલી. કેટલે અંશે તેની તબિયતમાં સુધારો થયેલ તે અંગેની પણ કોઇ હકીકત તેના જવાબમાં દર્શાવેલ નથી અને એવુ લખેલ છે કે, આ સમયે તેમને ફરીથી તા.૨૭.૦૯.૨૦૨૬ થી તા.૦૧.૧૦.૨૦૨૬ સુધી આઇ.સી.યુ. માં દાખલ કરી સારવાર આપેલ હતી. (ડોકયુમેન્ટ–૪, કુલ–૨ રીપોર્ટ) રજુ કરેલ છે અને તે રીપોર્ટ જે રજુ કરેલ છે તે તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજની ડીસ્ચાર્જ સમરી છે તે સમયે તેઓની જે દવા લખી દિધેલી તેની વિગત દર્શાવેલી છે. પેરા–૪ માં એવુ જણાવેલ છે કે, મારી આ સારવાર પુરી થતા તેમને હાઇર સેન્ટર ઝાયડસ હોસ્પીટલ અમદાવાદ ઓપીનીયન માટે મોકલવામાં આવેલ છે. (ડોકયુમેન્ટ–૫, રીપોર્ટ–૬) રજુ કરેલ છે જે જોતા આ રીપોર્ટ તા.૦૭.૦૧.૨૦૨૫ ના રોજનો છે. જે પરથી આ દર્દીને આ ડોકટરશ્રી સાંગાણીનાએ તા.૦૧.૧૦.૨૦૨૫ પછી સારવાર આપેલ નથી અને આ સારવાર પુરી થયા પછી તેઓને ઝાયડસ હોસ્પીટલમાં ઓપીનીયન માટે રીફર કરેલ હોય તેવી હકીકત જણાય આવતી નથી અને તા.૨૭.૦૯.૨૦૨૫ ના સીટી સ્કેનના રીપોટ્ર બાદ પણ તેઓને ઝાયડસ હોસ્પીટલમાં રીફર કરવામાં આવેલ હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. આમ, ઉપરોકત જવાબમાં પણ તેઓએ આ સમયે તેઓને ફરીથી આઇ.સી.યુ.માં દાખલ કરેલ તેવી હકીકત જણાવી અત્રેની અદાલતને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ છે.

૪. અરજદારે હાલની અરજી ઉપરોકત બીમારી બાબતે તેમજ અરજદારને બહારથી ટીફીનની સુવીધા આપી શકાય તેમ ન હોય ડોકટરશ્રીના અભિપ્રાય મુજબ બહારથી ટીફીન લાવવાનુ જરૂરી હોય અને પોતે ગરમી સહન કરી શકતા ન હોય ત્રણ–ચાર દિવસથી દુ:ખાવો થતો હોય અમારી સારવાર માટે અમોએ અમારી સારવારના પેપર્સની ફાઇલ લઇ જઇ ડોકટરશ્રીની સલાહ લેવા સુચના આપેલી અને ડોકટરશ્રી રાજેશ સાંગાણી સાહેબની હોસ્પીટલમાં ગયેલા અને ત્યાંથી ડોકટરશ્રીએ અરજદારને વિશેષ ટ્રીટમેન્ટની જરૂર છે તેવુ જણાવેલ. (જામીન અરજીના પેરા–૬) અને આ અરજીના સમર્થનમાં ડોકટરશ્રી સાંગાણીએ અરજદારે માર્ક–૨ થી તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજનુ ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ તેમજ માર્ક ૩/૩ થી તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજનુ ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે જે સર્ટીફિકેટ ધ્યાને લઇ અદાલત અરજદારને સારવાર માટે દિન–૧૫ દિવસ માટે મુકત કરે. આ તા.૦૩.૦૬.૨૦૨૬ નુ જે સર્ટીફિકેટ આપેલ છે તેમાં નીચે મુજબ લખેલ છે. " THIS IS TO CERTIFY THAT THIS PT FARUKBHAI ISMAILBHAI NAKHWA IS SUFFERING FROM DM + HT + CKD + H/O CVA & MI. HE HAS ADVISED ADD, SRD AND RENAL PROTECTIVE DIET AS PER ADVISE. "

આમ, આ સર્ટીફિકેટ તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજ અરજદારને જેલમાં ટીફીનની સુવિધા મળી રહે તે હેતુસર આપવામાં આવેલ હોય તેમ જણાય છે. ત્યારબાદ હાલની જામીન અરજી તા.૨૦.૦૬.૨૦૨૬ ના રોજ કરેલ તેના આગલા દિવસે તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજ માર્ક ૩/૩ વાળુ ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે જેમાં નીચે મુજબ " THIS IS TO CERTIFY THAT THIS PT FARUKBHAI ISMAILBHAI NAKHWA IS SUFFERING FROM DM + HT + CKD + H/O CVA & MI. IF HE IS HAVING CHEST PAIN DURING THIS TREATMENT, HE MAY REQUIRE CAG AND FURTHER MANAGEMENT ACCORDINGLY. "

આમ, તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજ આ બે સર્ટીફિકેટો આપેલ છે તે દર્દીને તપાસ્યા વિના આપેલ છે. ડોકટરશ્રીના આંક–૧૫ ના જવાબમાં એવુ લખેલ છે કે, તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજ દર્દીના ભત્રીજા આવેલ ત્યારે ફારૂકભાઇના ખોરાક અંગે કયો ખોરાક લઇ શકે તેવી મે સલાહ આપેલી હતી

અને તેનુ ડોકયુમેન્ટ આંક–૦૬ થી તા.૦૧.૦૭.૨૦૨૬ ના રોજ આપેલ છે. આમ, તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજ જે ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે તે પહેલા અરજદાર/આરોપીએ માર્ક ૩/૩ થી જે તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજનુ ડોકટરશ્રી સાંગાણીનુ સર્ટીફિકેટ રજુ કરેલ છે તે જ મુજબનુ સર્ટીફિકેટ તા.૦૧.૦૭.૨૦૨૬ ના રોજ આપેલ છે કે જે ડોકટરશ્રીએ પોતાના ડોકયુમેન્ટ–૬ માર્ક ૧૬/૬ થી રજુ કરેલ છે અને તેમાં પણ એવુ લખેલ છે કે, " THIS IS TO CERTIFY THAT THIS PT FARUKBHAI ISMAILBHAI NAKHWA IS SUFFERING FROM DM + HT + CKD + H/O CVA & MI. HE HAS ADVISED ADD, SRD AND RENAL PROTECTIVE DIET AS PER ADVISE. " આ દર્દીને ડોકટરશ્રી સાંગાણીએ આંક–૧૬ થી જે ડોકયુમેન્ટ રજુ કરેલ છે તે મુજબ છેલ્લે તા.૨૭.૦૯.૨૦૨૫ થી તા.૦૧.૧૦.૨૦૨૫ સુધી સારવાર આપેલ છે. ત્યારબાદ તેઓએ કોઈ સારવાર આપેલ હોય તેમ જણાતુ નથી. આ દર્દીએ ત્યારબાદ ઝાયડસ હોસ્પીટલમાં તા.૦૬.૦૧.૨૦૨૬ ના રોજ સારવાર લીધેલી તેના પેપર્સ માર્ક–૫/૨ થી માર્ક ૫/૩ સુધી રજુ કરેલ છે. આમ, જે એડવાઈઝ સર્ટીફિકેટ આપેલ છે તે પણ પોતે તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ ટ્રીટમેન્ટ આપેલી તેના આધારે તેમજ દર્દીએ છેલ્લે તા.૦૭.૦૧.૨૦૨૬ ના રોજ અન્ય હોસ્પીટલમાં સારવાર લીધેલી તે સારવારના કાગળો જોઈને દર્દીને તપાસ્યા વિના અને ટ્રીટમેન્ટ આપ્યા વિના ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે કે જેથી કરીને અરજદાર કે જે સરાજાહેર રીવોલ્વરની ગોળી મારી હત્યાના ગુનામાં સંડોવાયેલ છે તેવા આરોપીને અદાલત વચગાળાના જામીન ઉપર મુકત કરે અને તેને આ ડોકટર પાસે ટ્રીટમેન્ટ લેવા મોકલે ત્યારબાદ તેની ટ્રીટમેન્ટ ચાલુ રાખી દવાખાનામાં રાખી શકાય અને ટ્રીટમેન્ટ ચાલુ છે તેવુ બતાવી શકાય અને અરજદાર જેલમાં રહેવાને બદલે હોસ્પીટલમાં રહી તેને જોઈતી સુવિધા ભોગવી શકે એવુ માનવાને કારણ એટલે રહે છે.

**૫.** જવાબ પેરા–૩ માં એવુ લખેલ છે કે, તા.૨૭.૦૯.૨૦૨૬ થી તા.૦૧.૧૦.૨૦૨૬ સુધી આઇ.સી.યુ.માં સારવાર આપેલ હતી. જે સમયગાળો હજુ આવેલ જ નથી તે સમયગાળો લખેલ છે અને આ જ

સમયગાળામાં જે વર્ષ લખેલ છે તે ટાઇપ મીસ્ટેક માની લઇએ તો પણ તેમાં જે ડોકયુમેન્ટ રીફર કરેલ છે તે મુજબ તા.૨૭.૦૯.૨૦૨૫ થી તા.૦૧.૧૦.૨૦૨૫ સુધી ડો.સાંગાણીએ સારવાર આપેલ હોય તેવુ જણાય છે. ત્યારબાદ તેઓને કોઇ પણ ડોકટરશ્રી દ્વારા સારવાર આપવામાં આવેલ હોય તેવા કોઇ પેપર્સ આ જવાબ સાથે રજુ કરેલ નથી. માર્ક ૫/૨ અને માર્ક ૫/૩ થી જે રીપોર્ટ રજુ થયેલ છે તે મુજબ તા. ૦૭.૦૧.૨૦૨૬ ના રોજ ઝાયડસ હોસ્પીટલમાં સારવાર લીધેલ હોય તપાસ કરાવેલ હોય તેવુ જણાય છે. ડોકટરશ્રી સાંગાણીએ તા.૦૧.૧૦.૨૦૨૫ બાદ આ દર્દીની કોઇ સારવાર કરેલ હોય તેમ જણાતુ નથી.

**૬.** આ સર્ટીફિકેટ ઇસ્યુ કરવા સંબંધેનુ કારણ પેરા-૫ માં દર્શાવેલ છે તે મુજબ તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજ ફારૂકભાઇના ભત્રીજા ખોરાક અંગે સલાહ લેવા આવેલ હતા જેથી મે કયો ખોરાક લઇ શકાય તે અંગે લેખિત સલાહ ડોકયુમેન્ટ-૬ મુજબ આપેલ. જેમાં તા.૦૧.૦૭.૨૦૨૬ લખેલ છે. જામીનઅરજી સાથે ફરિયાદપક્ષે જે સર્ટીફિકેટ માર્ક ૩/૨ થી રજુ થયેલ છે તે તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજનુ છે. આ સર્ટીફિકેટ વિશે તેઓએ કોઇ ખુલાસો કરેલ નથી તેમજ તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજ ફારૂકભાઇના વકિલ અને ભત્રીજા અમારી હોસ્પીટલમાં આવેલ અને તેઓ જેલમાં છે તેવુ જણાવેલુ અને ફારૂકભાઇને છાતીમાં દુ:ખાવો થતો હતો તે બાબતે સલાહ લેવા આવેલ હતા પરંતુ તે જેલમાં હોવાથી તેની તપાસ અમે કરી શકેલ ન હોય તેમજ જે ડોકટરશ્રી સારવાર કરતા હોય તેમને દર્દીના જુની ઇ-રીવર્સીબલ રોગ વિશે માહિતી રહે અને સારવાર કરે તે માટે રોગોની યાદી આપેલ હતી અને જેમાં " THIS IS TO CERTIFY THAT THIS PT FARUKBHAI ISMAILBHAI NAKHWA IS SUFFERING FROM DM + HT + CKD + H/O CVA & MI. IF HE IS HAVING CHEST PAIN DURING THIS TREATMENT, HE MAY REQUIRE CAG AND FURTHER MANAGEMENT ACCORDINGLY." અને આંક-૧૫ ના જવાબ પેરા-૬ માં એવુ લખેલ છે કે, એમને ભુતકાળમાં તકલીફ માટે એન્જીયોગ્રાફી કરાવી સારવાર કરેલ હોય અને તેનાથી રાહત થયેલ હોય ફરી આવી સારવારની સારવાર કરનાર ડોકટરને જરૂર જણાય તો એન્જીયોગ્રાફી કરાવી શકાય પરંતુ એ કરાવવી કે નહી એ

એમના એ સમય ના સારવાર આપતા ડોકટર જ નકકી કરી શકે અને આજ સારવાર SCIENTIFIC AND STANDARD TREATMENT છે આથી સર્ટીફિકેટમાં લખ્યુ છે કે, if he is having chest pain during this treatment, he may require CAG and further management accordingly અને આ પ્રમાણે અમોએ તેના ભત્રીજાના વકિલને ઓપીનીયન સર્ટીફિકેટ આપેલ છે. ઉપરોકત રજુઆત જોતા જયારે ડોકટરને જરૂરીયાત પડે ત્યારે આ પ્રમાણેની સારવાર આપી શકે તેવુ જવાબમાં જણાવેલ છે. દર્દીને એમ.ડી. ફીજીશ્યન ડોકટર દ્વારા જેલમાં સારવાર આપવામાં આવતી હોય ત્યારે તે ડોકટર કયારે શું ટ્રીટમેન્ટ આપવી કયારે એન્જીયોગ્રાફી કરાવવી તે નકકી કરવા સક્ષમ હોય તે સ્વાભાવિક છે અને આ સર્ટીફિકેટને આધારે જામીન અરજી થયેલ હોય અને અરજી સાથે કોર્ટમાં રજુ થયેલ છે અને સારવાર માટે વચગાળાના જામીનની માંગણી કરવામાં આવેલ હોય ત્યારે એ સ્પષ્ટ થાય છે કે, આ સર્ટીફિકેટ આ પ્રકારની સારવારની જરૂરીયાત છે તેવુ કોર્ટમાં દર્શાવવા માટે અને તેના આધારે કોર્ટ આરોપીને વચગાળાના જામીન પર છોડે તેવા ઈરાદાથી આપવામાં આવેલ હોય તેમ જણાય છે. આ જે ટ્રીટમેન્ટ સર્ટીફિકેટો ઈસ્યુ કરવામાં આવેલ છે તે UN TRU MISLEADING AND IMPROPER હોય તેમ જણાય છે અને ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ (પ્રોફેશનલ કન્ડકટ એથીક) રેગ્યુલેશન–૨૦૦૨ ના ચેપ્ટર–૧ ના પેરા ૧.૩.૩ મુજબના જણાય આવતા નથી. જેથી ચેપ્ટર ૭ પેરા ૭.૭ મુજબ મીસ કન્ડકટ (ગેરવર્તણુક) ગણાય તે પ્રકારનુ આ કૃત્ય છે.

**૭.** જે સર્ટીફિકેટ આપેલ છે તે દર્દીને તપાસ્યા વિના તા.૦૧.૧૦.૨૦૨૫ ના રોજ છેલ્લે તપાસ્યા બાદ જુન–૨૦૨૬ માં આપેલ છે. અગાઉ શું રોગ હતો તે દર્દી જાતે જણાવી શકે તેમ હતા અને અગાઉ લીધેલ સારવારના કાગળો પોતાના સગા સંબંધી દ્વારા જેલમાં મંગાવી જેલમાં સારવાર આપતા ડોકટરશ્રીને બતાવી શકે તેમ હતા. ખોરાક કયારે શું લેવો તેની દર્દીને સલાહ દર્દીને તપાસી શારીરિક સ્થીતી જોઈને જણાવી શકે જયારે હાલના કેસમાં આ ડોકટરશ્રીએ છ મહીના પહેલા તપાસેલ તેના આધારે ખોરાક અંગે સલાહ આપેલ છે તેવુ

ડો.સાંગાણીનુ કહેવુ છે અને જયારે તેમની સારવાર માટે ખરેખર આવેલ હોય ત્યારે શું ખોરાક લેવો તેવુ પોતાના દર્દીને સલાહ આપેલ હોય તે સ્વાભાવિક છે તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજનુ અને તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજના સર્ટીફિકેટ ઈસ્યુ કરવાની શું જરૂરીયાત ઉભી થયેલ અને લેખિત સલાહ સર્ટીફિકેટ સ્વરૂપમાં આપવાનુ કોઈ જ કારણ જણાવેલ નથી જેથી આરોપી જેલમાં હોય અને તેઓ બહારથી ટીફીન મંગાવી ખોરાક લેવા માંગતા હોય તેને બહારથી ટીફીન મળી રહે તે માટે ડાઈટ અંગેનુ સર્ટીફિકેટ આપેલ હોય ખોરાક અંગેની સલાહ આપેલ હોય તેમ સાબીત થાય છે.

૮. અત્રેની અદાલત દ્વારા જેલ અધિક્ષકશ્રીનો અભિપ્રાય જામીન અરજીના નિર્ણય પહેલા મંગાવવામાં આવેલ છે તે મુજબ જેલના તમામ બંદીવાનોને ડોકટરશ્રીની સલાહ મુજબનો ખોરાક આપવામાં આવેલ છે. સદર મજકુર આરોપીએ બહારથી ટીફીન મંગાવવાની જે માંગણી કરેલ તે માંગણી જીલ્લા જેલ અધિક્ષકશ્રી દ્વારા સરકારશ્રીના ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જીજી/૫૧/૨૦૦૯/જેએલકે/૧૭૨/૦૦૯/જ૭જ/જ તા.૦૬.૦૬.૨૦૦૯ તથા જાવક નં. જયુડી/૧/૩૨૮૦/૨૦૦૯ તા.૧૧.૦૬.૨૦૦૯ ગુજરાત પ્રીઝન્સ (ડાઈટ ફોર પિઝર્ન્સ) રૂલ્સ–૧૯૭૫ મુજબ આરોપીને ટીફીનની સુવિધા મળવાપાત્ર નથી અને તમામ દર્દીઓને જેલમાં મેડીકલ ઓફિસર દ્વારા સ્પેશ્યાલીસ્ટ ડોકટરશ્રી દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે. જેલ ડીસ્પેન્સરીના ડોકટરશ્રીનો રીપોર્ટ તા.૨૭.૦૬.૨૦૨૬ ના રોજનો રજુ થયેલ છે તે મુજબ અરજદાર/આરોપી ફારૂકભાઈએ તા.૦૨.૦૬.૨૦૨૬ ના રોજ ફિઝીશ્યનને બતાવવા આવેલા ત્યારે દવા અને સલાહ આપેલ. તા.૦૪.૦૬.૨૦૨૬ ના રોજ છાતીમાં દુ:ખાવાની તકલીફ થતા તેને ઈ.સી.જી. કરાવેલ તથા જરૂરી સારવાર આપવામાં આવેલ. ત્યારબાદ આજ દિન સુધી તેઓ કોઈ પણ તકલીફ માટે જેલ દવાખાનામાં બતાવવામાં આવેલા નથી અને દવાખાને આવતા ફિજીશ્યન દ્વારા પણ સારવાર માટે રીફર કરવાની સલાહ આપેલ નથી અને ફિજીશ્યન ડોકટરશ્રી દ્વારા કોઈ સ્પેશ્યલ ખોરાક એડવાઈઝ કરવામાં આવેલ નથી.

૯. હાલની જામીન અરજી તા.૨૦.૦૬.૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ છે અને તેમાં ડોકટરશ્રી સાંગાણીના સર્ટીફિકેટના આધારે દિન–૧૫ માટે વચગાળાના જામીન ઉપર મુકત કરવા અરજી કરેલી છે. ડોકટરશ્રી સાંગાણીએ ઈસ્યુ કરેલ સર્ટીફિકેટ માર્ક ૩/૨ થી તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજ ઈસ્યુ કરેલ ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ માર્ક ૩/૩ થી રજુ કરેલ છે. આ બંને સર્ટીફિકેટમાં ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ તેવુ લખેલ છે. કોઈ પણ જાતની ટ્રીટમેન્ટ આપ્યા વિના ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ ઈસ્યુ કરેલ છે.

૯.૧. જેલમાં આરોપીને તા.૦૨.૦૬.૨૦૨૬ ના રોજ તેમજ તા.૦૪.૦૬.૨૦૨૬ ના રોજ ફિજીશ્યન દ્વારા સારવાર આપવામાં આવેલ છે. ઈ.સી.જી. કરવામાં આવેલ છે અને દવા આપવામાં આવેલ છે. ત્યારબાદ કોઈ પણ તકલીફ માટે આરોપી જેલ દવાખાને બતાવવામાં આવેલ નથી. આમ, તા.૦૪.૦૬.૨૦૨૬ બાદ કોઈ પણ જાતની તકલીફ નહી હોવા છતાં તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજ ડોકટરશ્રી સાંગાણીએ ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ આપેલ છે.

૯.૨. જે પરથી એવુ સ્પષ્ટપણે જણાય છે કે, અરજદાર/આરોપીઓ અદાલતમાં જામીન અરજી કરી શકે અને સારવાર માટે તેઓને જામીન મળી શકે અને ઉપરોકત સર્ટીફિકેટના આધારે આરોપીને વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવે અને ડોકટરશ્રી રાજેશ સાંગાણી પાસે સારવાર માટે મોકલવામાં આવે તો તેઓની સારવાર હોસ્પીટલમાં ચાલુ છે તેમ ગણી હોસ્પીટલમાં દાખલ કરી તેઓને હોસ્પીટલમાં તમામ પ્રકારની સુવિધા મળી રહે તેવી સુવિધા ઉભી કરી શકાય અને આરોપી કે ગંભીર પ્રકારના ગુનામાં સંડોવાયેલ છે અને અગાઉ ખુનનો ગુનો નોંધાયેલ છે તેમજ ખુનની કોશીષના કુલ ચાર ગુના તેમજ ખોટા દસ્તાવેજો બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરવાનો, આર્મ્સ એકટના, પ્રોહીબીશનના, મારામારીના, સરકારી કર્મચારીની ફરજમાં રૂકાવટ કરી માર મારવાના બે ગુના તથા અન્ય ગુના નીચે મુજબ નોંધાયેલ છે.

| Sr. No. | Police Station Crime Register No. | Act and Section | IPC Section |
|---|---|---|---|
| 1. | Veraval City Police Station First Cr. Reg. No. 90/88 | IPC Section - 379 | Punishment for theft |
| 2. | Veraval City Police Station | IPC Section - | Punishment for |

| | | | |
|---|---|---|---|
| | Cr. Reg. No. 54/1994 | 506(2) | criminal intimidation |
| 3. | Veraval City Police Station Cr. Reg. No. 59/1994 | IPC Section - 324 | Voluntarily causing hurt by dangerous weapons or means |
| | | IPC Section - 323 | Punishment for Voluntarily causing hurt |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| | | IPC Section - 336 | Act endangering life or personal safety of others |
| | | IPC Section - 504 | Intentional insult with intent to provoke breach of the peace |
| | | G.P. Act Section - 135 | contravention of rules or directions |
| 4. | Veraval City Police Station Second Cr. Reg. No. 193/1994 | IPC Section - 323 | Punishment for Voluntarily causing hurt |
| | | IPC Section - 504 | Intentional insult with intent to provoke breach of the peace |
| | | IPC Section - 506(2) | Punishment for criminal intimidation |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| 5. | Veraval City Police Station Cr. Reg. No. 195/1994 | IPC Section - 160 | Punishment for committing affray |
| 6. | Veraval City Police Station | IPC Section - | Punishment for |

| | | | |
|---|---|---|---|
| | First Cr. Reg. No. 25/1995 | 323 | Voluntarily causing hurt |
| | | IPC Section - 337 | Causing hurt by act endangering life or personal safety of others |
| | | IPC Section - 504 | Intentional insult with intent to provoke breach of the peace |
| | | IPC Section - 506(2) | Punishment for criminal intimidation |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| | | B.P. Act Section - 135 | contravention of rules or directions |
| 7. | Veraval City Police Station Cr. Reg. No. 47/1997 | IPC Section - 307 | Attempt to murder |
| | | IPC Section - 324 | Voluntarily causing hurt by dangerous weapons or means |
| | | IPC Section - 323 | Punishment for Voluntarily causing hurt |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| | | G.P. Act Section - 135 | contravention of rules or directions |
| 8. | Veraval City Police Station Cr. Reg. No. 83/1997 | IPC Section - 324 | Voluntarily causing hurt by dangerous weapons or means |
| | | IPC Section - | Punishment for |

| | | | |
|---|---|---|---|
| | | 323 | Voluntarily causing hurt |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| | | IPC Section - 504 | Intentional insult with intent to provoke breach of the peace |
| 9. | Veraval City Police Station First Cr. Reg. No. 141/1998 | IPC Section - 307 | Attempt to murder |
| | | IPC Section - 147 | Punishment for rioting |
| | | IPC Section - 148 | Rioting, armed with deadly weapon |
| | | IPC Section - 149 | Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object |
| | | IPC Section - 324 | Voluntarily causing hurt by dangerous weapons or means |
| | | IPC Section - 325 | Punishment for voluntarily causing grievous hurt |
| | | B.P. Act Section - 135 | contravention of rules or directions |
| 10. | Veraval City Police Station Second Cr. Reg. No. 3151/1998 | Arms Act Section - 25(1) (AC) | punishments for illegal possession, manufacture, sale, or use of firearms and ammunition range from a few |

| | | | |
|---|---|---|---|
| 11. | Veraval City Police Station Third Cr. Reg. No. 5035/1999 | Prohi. Act Section - 66B | Drinking of liquor without permission, irrespective of the place where drinking is done |
| | | Prohi. Act Section - 65AE | Penalty for illegal import, etc. of intoxicant or hemp |
| | | Prohi. Act Section - 116(2) | No analysis required for known brand of liquor |
| | | Prohi. Act Section - 98 | Things liable to confiscation |
| | | Prohi. Act Section - 99 | Return of things liable to confiscation to bona fide owners. |
| | | Prohi. Act Section - 81 | Penalty for attempts or abetment |
| 12. | Keshod Police Station Second Cr. Reg. No. 3093/2003 | IPC Section - 160 | Punishment for committing affray |
| 13. | Prabhas Patan Police Station Cr. Reg. No. 0285/2003 | IPC Section - 143 | being a member of an unlawful assembly |
| | | IPC Section - 147 | Punishment for rioting |
| | | IPC Section - 148 | Rioting, armed with deadly weapon |
| | | IPC Section - 149 | Every member of unlawful assembly guilty of offence committed in prosecution of |

| | | | |
|---|---|---|---|
| | | | common object |
| | | IPC Section - 324 | Voluntarily causing hurt by dangerous weapons or means |
| 14. | Prabhas Patan Police Station Cr. Reg. No. 0189/2003 | IPC Section - 143 | Punishment for being a member of an unlawful assembly |
| | | IPC Section - 147 | Punishment for rioting |
| | | IPC Section - 148 | Rioting, armed with deadly weapon |
| | | IPC Section - 149 | Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object |
| | | IPC Section - 324 | Voluntarily causing hurt by dangerous weapons or means |
| 15. | Veraval City Police Station Cr. Reg. No. 3012/2003 | IPC Section - 186 | Obstructing police servant in discharge of public functions |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| 16. | Prabhas Patan Police Station Cr. Reg. No. 0177/2004 | IPC Section - 307 | Attempt to murder |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| | | Arms Act Section - 25(1) | states that anyone who uses force to |

| | | | |
|---|---|---|---|
| | | (AB) | snatch or take a firearm away from the police or armed forces is guilty of a severe criminal offense |
| 17. | Veraval City Police Station Cr. Reg. No. 126/2004 | IPC Section - 143 | being a member of an unlawful assembly |
| | | IPC Section - 147 | Punishment for rioting |
| | | IPC Section - 332 | Voluntarily causing hurt to deter public servant from his duty |
| | | IPC Section - 336 | Act endangering life or personal safety of others |
| | | IPC Section - 337 | Causing hurt by act endangering life or personal safety of others |
| | | G.P. Act Section - 135 | contravention of rules or directions |
| 18. | Veraval City Police Station Cr. Reg. No. 132/2005 | IPC Section - 332 | Voluntarily causing hurt to deter public servant from his duty |
| | | IPC Section - 504 | Intentional insult with intent to provoke breach of the peace |
| | | IPC Section - 353 | Assault or criminal force to deter public servant from discharge of his duty |

| | | | |
|---|---|---|---|
| 19. | Sutrapada Police Station First Cr. Reg. No. 51/08 | IPC Section - 302 | Punishment for murder |
| | | IPC Section - 201 | Causing disappearance of evidence of offence or giving false information to screen offender |
| | | IPC Section - 120(B) | Punishment of criminal conspiracy |
| | | IPC Section - 34 | Acts done by several persons in furtherance of common intention |
| | | B.P. Act Section - 135 | contravention of rules or directions |
| 20. | Veraval City Police Station First Cr. Reg. No. 26/2008 | IPC Section - 394 | Voluntarily causing hurt in committing robbery |
| | | IPC Section - 323 | Punishment for voluntarily causing hurt |
| | | IPC Section - 504 | Intentional insult with intent to provoke breach of the peace |
| | | IPC Section - 506(2) | Punishment for criminal intimidation |
| | | IPC Section - 114 | Abettor present when offence is committed |
| | | G.P. Act Section - 135 | contravention of rules or directions |
| 21. | Police Station Cr. Reg. No. | IPC Section - | Putting person in |

| | | | |
|---|---|---|---|
| | 11210005221266/2022 | 387 | fear of death or of grievous hurt, in order to commit extortion |
| | | IPC Section - 465 | Punishment for forgery |
| | | IPC Section - 467 | Forgery of valuable security, will, etc. |
| | | IPC Section - 468 | Forgery for purpose of cheating |
| | | IPC Section - 471 | Using as genuine a forged document or electronic record |
| | | IPC Section - 120(B) | Punishment for criminal conspiracy |
| | | IPC Section - 34 | Acts done by several persons in furtherance of common intentionbeing a member of an unlawful assembly |
| 22. | Vadi Police Station First Cr. Reg. No. 101/2016 | IPC Section - 143 | being a member of an unlawful assembly |
| | | IPC Section - 147 | Punishment for rioting |
| | | IPC Section - 148 | Rioting, armed with deadly weapon |
| | | IPC Section - 149 | Every member of unlawful assembly guilty of offence committed in prosecution of common object |
| | | IPC Section - | Voluntarily causing |

| | | |
|---|---|---|
| | 326 | grievous hurt by dangerous weapons or means |
| | IPC Section - 307 | Attempt to murder |
| | IPC Section - 120(B) | Punishment of criminal conspiracy |
| | IPC Section - 212 | Harbouring offender |
| | G.P. Act Section - 135 | contravention of rules or directions |
| | Arms Act Section - 25(1)(A) | punishes illegal manufacturing, selling, transferring, repairing, or possessing arms and ammunition for sale or commercial purposes without a valid license under Section |
| | Arms Act Section - 27(1) | punishes any person who uses arms or ammunition in violation of Section 5 (which deals with the manufacture, sale, use, or transfer of firearms without a license). |

૧૦. આમ, આ અરજદાર/આરોપી આવા ગંભીર પ્રકારના અનેક ગુનામાં સંડોવાયેલ છે તેવા આરોપીને જેલમાં ન રહેવુ પડે તેવી સગવડતા ઉભી કરવામાં મદદરૂપ થવાનો ઈરાદો આ સર્ટીફિકેટ પરથી ડોકટરશ્રીનો હોય તેમ

જણાય આવે છે અને જે સર્ટીફિકેટમાં હકીકતો લખેલ છે તે અનટ્રુ અને અનપ્રોપર હોય તેમ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે જણાય છે

**૧૦.૧** હાલના કામે ડોકટરશ્રીએ જે સર્ટીફિકેટ ઇસ્યુ કરેલ છે તેમાં સાચી હકીકતો જણાવેલ નથી. મીસ લીડીંગ કરતી હકીકતો જણાવેલ છે અને ગંભીર ગુનાના આરોપીને મદદરૂપ થવા માટે પ્રયત્ન કરેલ છે તે બદલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની જોગવાઇ અન્વયે ફોજદારી કાર્યવાહી થવા પાત્ર છે પરંતુ તેઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યવાહી નહી કરતા ગુજરાત મેડીકલ કાઉન્સીલને રીફર કરવામાં આવે તો તેઓ યોગ્ય કાર્યવાહી કરી શકે તેમ હોય જેથી બંને કાર્યવાહી કરવી ઉચિત જણાતી નથી.

**૧૦.૨** ડોકટર તરીકેનો વ્યવસાય તે ખુબ જ ઉમદા વ્યવસાય છે અને ઉચ્ચ નૈતીક મુલ્યો ધરાવતો વ્યવસાય છે. અને સમાજ ડોકટરો ઉપર ઘણો વિશ્વાસ અને શ્રધ્ધા ધરાવતા હોય છે અને તેઓની એક નિષ્ણાંત તરીકેની આબરૂ સમાજમાં હોય છે ત્યારે આ વ્યવસાય સાથે સંકળાયેલા લોકોએ ઉચ્ચ નૈતીક મુલ્યોની જાળવણી કરવી જોઇએ અને તેની પાસેથી ઓછામાં ઓછી તેવી તો અપેક્ષા રાખી જ શકાય. ડોકટરશ્રીના નિષ્ણાંત તરીકેના અભિપ્રાય અને સર્ટીફિકેટને આધારે અદાલત મહત્વના નિર્ણયો કરતી હોય છે અને તેમાં માણસના જીવન અને સ્વતંત્રતા સંકળાયેલ હોય છે ત્યારે ડોકટરશ્રી દ્વારા જે અભિપ્રાય કે સર્ટીફિકેટ આપવામાં આવે તે સાચો અને સ્પષ્ટ હોવો જોઇએ. હાલના સમયમાં ઘણી વખત એવુ બનતુ હોય છે. સાધન સંપન્ન અને વગદાર માણસ ગુનાહિત કૃત્યમાં સંડોવાય અને જેલમાં હોય ત્યારે બહાર નીકળવા માટે અને જેલમાથી રાહત મેળવવા માટે ડોકટરશ્રીની મદદ મેળવી સારવાર માટે જઇ અને હોસ્પીટલમાં દાખલ થઇ જતા હોય છે અને લાંબો સમય હોસ્પીટલમાં હોટલની જેમ રહેતા હોય તેવુ પણ બનતુ હોય છે અને અદાલત ડોકટરશ્રીના અભિપ્રાયને આધારે સારવાર માટે તેઓને કોર્ટ દ્વારા મુકત કરવામાં આવતા હોય છે ત્યારે જો ડોકટરશ્રી દ્વારા સ્પષ્ટ, સાચુ અને ગેરમાર્ગે દોરનારુ સર્ટીફિકેટ આપવામાં આવે અને તેની વિરૂધ્ધ અદાલત દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં ન આવે તો સમાજમાં તેની અવળી અસર પડે અને ન્યાયનુ હિત જોખમાય તેમ છે. જેથી ડોકટર તરીકેની પ્રેકટીસ કરનાર વ્યકિત

ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ દ્વારા જે વર્તણુકના નિયમો ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ( પ્રોફેશનલ કન્ડકટ) ETIQUETTE AND એથીકસ રેગ્યુલેશન–૨૦૦૨ ના નિયમોનુ ચુસ્તપણે પાલન કરવામાં આવે તે અત્યંત આવશ્યક છે. હાલના કેસમાં ડો. રાજેશ સાંગાણી દ્વારા ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ ( પ્રોફેશનલ કન્ડકટ) ETIQUETTE AND એથીકસ રેગ્યુલેશન–૨૦૦૨ ના ચેપ્ટર–૧ ના પેરા ૧.૩.૩ મુજબનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવેલ નથી અને ચેપ્ટર–૭ ના નિયમ–૭.૧ મુજબ તેઓએ ગેરવર્તણુક (મીસ કન્ડકટ) આચરેલ છે અને પેરેગ્રાફ નં.૭.૭ મુજબ નિયમનો ભંગ કરેલ છે. જેથી તેઓની સામે કાર્યવાહી કરવા યોગ્ય જણાતુ હોય જે કાર્યવાહી કરવાની સત્તા ગુજરાત મેડીકલ કાઉન્સીલ એકટ–૧૯૬૭ હેઠળ ગુજરાત મેડીકલ કાઉન્સીલને હોય ડોકટરશ્રી રાજેશ સાંગાણી વિરૂધ્ધ કાર્યવાહી કરવા હુકમ કરવો ઉચિત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

**૧.** આથી ડોકટરશ્રી રાજેશ સાંગાણી, (ફીઝીશ્યન અને કાર્ડીઓલોજીસ્ટ) રજી નં.G–12827 સાંગાણી હોસ્પીટલ, ઠે. બસ સ્ટેશન સામે કેશોદનાઓનાઓ દ્વારા ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલ ( પ્રોફેશનલ કન્ડકટ) ETIQUETTE AND એથીકસ રેગ્યુલેશન–૨૦૦૨ ના ચેપ્ટર–૧ ના પેરા ૧.૩.૩ મુજબનુ સર્ટીફિકેટ ઈસ્યુ કરવામાં આવેલ નથી અને ચેપ્ટર–૭ ના નિયમ–૭.૧ મુજબ તેઓએ ગેરવર્તણુક (મીસ કન્ડકટ) આચરેલ છે અને નિયમ નં.૭.૭ મુજબ નિયમનો ભંગ કરેલ છે તેમ સાબીત થતુ હોય ગુજરાત મેડીકલ કાઉન્સીલ રૂલ્સ–૧૯૬૭ ની કલમ–૨૨ અન્વયે ડોકટરશ્રી રાજેશ સાંગાણી વિરૂધ્ધ કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.

**૨.** રજીસ્ટ્રી દ્વારા ગુજરાત મેડીકલ કાઉન્સીલને હાલના હુકમની નકલ ગુજરાત મેડીકલ કાઉન્સીલ રૂલ્સ–૧૯૬૭ ની કલમ–૨૨ મુજબની યોગ્ય કાર્યવાહી સારૂ નીચેના દસ્તાવેજો સાથે ઈ–મેઈલ અને સ્પીડ પોસ્ટથી મોકલી આપવી.

૧. જામીન અરજી સાથે રજુ થયેલ માર્ક–૩/૨ થી તા.૦૩.૦૬.૨૦૨૬ ના રોજ આપેલ સર્ટીફિકેટ,

૨. જામીન અરજી સાથે રજુ થયેલ માર્ક–૩/૩ થી તા.૧૯.૦૬.૨૦૨૬ ના રોજ આપેલ સર્ટીફિકેટ,

૩. ડો. રાજેશ સાંગાણીનો તા.૦૪/૦૭/૨૦૨૬ ના રોજનો ખુલાસો

૪. ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ તા.૨૩.૦૬.૨૦૨૬.

૫. ટ્રીટમેન્ટ સર્ટીફિકેટ તા.૦૧.૦૭.૨૦૨૬.

૬. જેલરશ્રીનો આંક–૧૧ થી રજુ રીપોર્ટ

૭. મેડીકલ ઓફિસરનો તા.૨૭.૦૬.૨૦૨૬ ના રોજનો રીપોર્ટ

**3.** હુકમની નકલ જેલ અધિક્ષકશ્રી જુનાગઢ તથા સચિવશ્રી ગૃહવિભાગને જાણ સારૂ મોકલી આપવી.

**૪.** ગુજરાત મેડીકલ કાઉન્સીલ દ્વારા કાર્યવાહી કરી અત્રેની અદાલતને રીપોર્ટ કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીજ્ઞેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬